અપીલ અરજી નં.૧૮૧ તા.૨૦–૯–૦૮

અરજદારઃ શ્રી મદીના એન્ટર પ્રાઈઝ
સામાવાળાઃ(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી
(૨) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

## હુકમ:–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મદીના એન્ટર પ્રાઈઝ ની તા.૧૨–૮–૦૮ ની અરજીથી સુરત મહાનગરપાલિકા હસ્તકના પે એન્ડ પાર્ક ના ઈજારા અંગેની ૧ થી ૧૩ મુદ્દા પ્રમાણે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૦–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૮૧/૨૦૦૮–૦૯

શ્રી મદીના એન્ટર પ્રાઈઝ ની તા.૧૨–૮–૦૮ ની અરજીથી સુરત મહાનગરપાલિકા હસ્તકના પે એન્ડ પાર્ક ના ઈજારા અંગેની ૧ થી ૧૩ મુદ્દા પ્રમાણે માહિતી આપવા બાબતે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.ટીપીડી/આ/૪૦૫૪ તા.૧૦–૯–૦૮થી આપેલ માહિતી માંગેલ માહિતી મુજબ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૯૬ તા.૨૫–૯–૦૮ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને પત્ર પાઠવવામાં આવેલ જેના અનુસંધાને તેઓ તરફથી નં.ટીપીડી/આ.નં.૪૬૭૫ તા.૪–૧૦–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે. પરંતુ અરજદાર તરફથી કોઈ માહિતી પૂરી પાડેલ જણાતી નથી. મળેલ માહિતી અનુસાર જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૧૦–૯–૦૮ ના રોજ માહિતી પેટે મુદ્દા નં.ર થી ૬ ,૧૦ તથા ૧૩ માટે નિયત દસ્તાવેજ ફી ભરી માહિતી મેળવી લેવા જણાવેલ. જેના અનુસંધાને તેમના તા.૪–૧૦–૦૮ ના પત્રથી આપેલ વિગત અનુસાર અરજદારે તા.૨૨–૯–૦૮ ના રોજ દસ્તાવેજ ફી ના નાણા ભરતાં તા.૨૩–૯–૦૮ ના પત્રથી અરજદાર રૂબરૂમાં માહિતી મેળવી લેવા નહી આવતાં તા.૩૦–૯–૦૮ ના રોજ સ્પીડ પોસ્ટથી ૨૬૦ પાનાની માહિતી મોકલી આપેલ હોવાનું જણાવેલ છે. અરજદારે મુદ્દા નં.૧૦ અંગે નિયત ફી રૂ.૨/– ભરીને માહિતી મેળવેલ જણાતી નથી. જયારે મુદ્દા નં.૧૨ અંગે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તેમના પત્ર નં.ટીપીડી/આ./૩૯૨૬ તા.૪–૯–૦૮ થી અરજી મ.જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને તબદીલ કરવામાં આવેલ છે જે નિયત સમય અવધિ પછી છે. પરંતુ મુળ અરજી કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન ધ્વારા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને તા.૧૮–૮–૦૮ ના રોજ તબદીલ કરેલ વિગત જોતાં જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન ધ્વારા તેમને સ્પર્શતા મુદ્દા નં.૧૨ ની માહિતી નિયત સમય અવધિમાં અરજદારને પૂરી પાડવાની રહેતી હતી જે મળેલ જણાતું નથી.

અરજદારને પણ અત્રેના તા.૨૫–૯–૦૮ ના પત્રથી તેમણે ફી ભરી માહિતી મેળવેલ છે કે કેમ? તે અંગે પૃચ્છા કરાવતાં કોઈ પ્રત્યુત્તર આવેલ નથી. અપીલ અરજીમાં અરજદારે માહિતીની નારાજગી માટે કોઈ આધારો રજુ કરેલ નથી પરંતુ રીંગરોડ ઝોન નં.ર ના બાનાની રકમ પાછી મેળવવા બાબત જણાવેલ છે જે માહિતી મેળવવાના પરિપેક્ષ્યમાં નહીં પરંતુ કામના નિકાલને સ્પર્શે છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૨–૮–૦૮ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી મુદ્દા ન.૧૦ અને ૧૨ સિવાય દસ્તાવેજી ફી વસુલ લઈ પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૧૦ અંગે અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીએ જણાવેલ વિગતે નિયત દસ્તાવેજ ફી ભરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. જયારે મુદ્દા નં.૧૨ અંગે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન કક્ષાએથી નિયત સમય અવધિમાં માહિતી આપવા કોઈ કાર્યવાહી કરેલ ન હોય તો આરટીઆઈની કલમ–૭(૬) હેઠળ તેટલી માહિતી વિના મૂલ્યે અરજદારને પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે. અરજીમાં જણાવેલ કાર્યવાહીને લગતા પ્રશ્નો અંગે સક્ષમ સત્તાધીશને અલાયદી રજુઆત કરવા અરજદાર સ્વતંત્ર છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી, શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન.... જાણ તથા અમલ માટે.
(૨) મે.મદીના એન્ટર પ્રાઈઝ